**ફોજદારી કેસ નંબર : ૧૦૩૩/૨૬**

જુનાગઢ ના મહે. બીજા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : જુનાગઢ

**આંક–૧ લગત હુકમ**

**ગુન્હો :–બી.એન.એસ. ૨૮૧ મુજબ**

**– :: ઠરાવ :: –**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ચાર્જશીટમા જણાવેલ તારીખે અને સ્થળે જાહેરમા પોતાના કબજાનુ વાહન પૂરઝડપે, બેફીકરાઈથી પોતાની તથા રાહદારીની જીંદગી જોખમાય તે રીતે ચલાવી બી એન એસ કલમ–૨૮૧ મુજબનો ગુન્હો કર્યાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપી આજરોજ અદાલતમાં હાજર થતાં આરોપીએ પ્રથમ તબકકે ગુન્હો કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હો કબુલ કરેલ છે. આરોપી સ્વેચ્છાપૂર્વક ગુન્હો કબુલ કરેલ છે. કબુલાત પુરસીસથી જણાવે છે કે તેઓ કાયદાના અજ્ઞાન માણસ હોઈ અજ્ઞાનતાથી ગુન્હો થયેલ છે. જેથી દયા દાખવવા રજુઆત કરેલ છે.

(૩) સદરહું આરોપીને ગુન્હાની ગંભીરતા સમજાવવા છતાં ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે. આરોપીએ જાણી બુજીને ગુન્હો કરેલ ન હોય, તેઓને સુધરવાની તક મળી રહે અને તેમણે કરેલ કૃત્યનો અહેસાસ થાય તે હેતુથી ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

**– :: હુકમ :: –**

(૧) આ કામના **આરોપી–રેહાનભાઈ શરીફભાઈ કારવાત, રહે. જુનાગઢવાળાને** બી.એન.એસ.એસ કલમ ૨૭૮ અન્વયે તેની સામે આક્ષેપિત બી.એન.એસ. કલમ ૨૮૧ ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **રૂા. ૫૦૦ /–** અંકે રુપિયા પાંચસો પુરાનો દંડ કરવામાં આવે છે. આરોપી દંડ ન ભરે તો દિન–૩ ( ત્રણ ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના ખત તથા જામીનખત રદ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૪ મી, માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ લોકઅદાલતની સ્પેશ્યલ સીટીંગ માં વાંચી સંભળાવી જાહેર કરવામા આવે છે.

(ગૌરવકુમાર સોમાભાઈ દરજી)
બીજા એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જુનાગઢ
(જીજે ૧૪૭૫)

સ્થળ : જુનાગઢ
તારીખ : ૧૪/૦૩/૨૦૨૫